**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ**

**રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા–૦૪/૧૮–૧૯/ 2830-7 તા. 16-4-19

**રજી. એ.ડી. પત્ર**

પ્રતિ,
બાબરીયા હીરાભાઈ કાનાભાઈ,
ગામ: નાવદ્રા
તા. કલ્યાણપર
જી: દેવભુમી દ્વારકા
મો: 97147 08672
Pin - 361320

વિષય :–ઘર વપરાશ માટે ના મીટર અને પોલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૬/ક્વા–૦૪/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

2A

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ભાટીયા

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com, E-Mail- forum.pgvcl@gebmail.com


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા–૦૪/૧૮–૧૯/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૨૬/ક્વા–૦૪/૧૮–૧૯**

અરજદાર: બાબરીયા હીરાભાઈ કાનાભાઈ ગામ:નાવદ્રા

રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી દ્વારકા

રજૂઆત કરનાર: શ્રી કે.સી.ચૌહાણ કાર્યપાલક ઈજનેર – વિભાગીય કચેરી દ્વારકા

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – જામનગર

તારીખ: ૦૯/૦૪/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯/૦૪/૨૦૧૯ ના રોજ ફોરમ કમિટી સમક્ષ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર બાબરીયા હીરાભાઈ કાનાભાઈ, ગામ:નાવદ્રા તેઓની અરજી ના નોંધણી નંબર :૨૬/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓને ઘરવપરાશ વીજજોડાણ માટે તા.૧૩–૧૨–૧૭ ના રોજ પેટા વિભાગીય કચેરી, ભાટીયા મા અરજી કરેલ – જે અંગે ની કોઈ કાર્યવાહી કરાયેલ નથી, તેમજ સદર બાબતે રૂબરૂ રજુઆત કરવા છતા – કોઈ જવાબ મળતો નથી. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 શ્રી બાબરિયા હિરાભાઈ કાનાભાઇ દ્વારા ભાટિયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. નાવદ્રા ખાતે ઘરવપરાશ વીજ જોડાણ અંગેની અરજી કરેલ છે. સદર બાબતના અનુસંધાને જણાવવાનું કે, અરજદારની રજૂઆત મુજબ ભાટિયા પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૧.૦૪.૨૦૧૯ ના રોજ કામ પુર્ણ કરી મીટર લગાડી આપવામાં આવેલ છે. અને અરજદારનું કામ સંતોષકારક રીતે પૂર્ણ કરેલ છે. આ અંગેની સમાધાન પુરશીશ રજુ કરેલ છે.

# : હુકમ:

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા ઘરવપરાશ વીજજોડાણ માટે તા.૧૩–૧૨–૧૭ ના રોજ પેટા વિભાગીય કચેરી ખાતે નવા જોડાણ મેળવવા માટે ની અરજી કરાયેલ હતી. પરંતુ, અરજદાર દ્વારા જે તે સમયે તેઓની જ્ઞાતિનો દાખલો અપાયેલ ન હતો. ત્યારબાદ અરજદાર દ્વારા જ્ઞાતિનો દાખલો રજુ કરાતા – SCP ( Special Component Plan) હેઠળ નુ અરજદાર નુ ઘરવપરાશ વીજજોડાણ તા.૦૧–૦૪–૧૯ ના રોજ રીલીઝ કરાયેલ છે. જે બદલ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા – અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૨–૦૪–૧૯ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ હોય, જેથી – સદર કેઈસ મા, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ નથી.

૪.૨ અરજદાર ની ફરીયાદને આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય

(જે. બી. પારેખ)
કા.વા.ચેરપર્સન